# પ્રથમ લેખિત કસોટી : ઑક્ટોબર - ૨૦૧૬

તારીખ : ૧૭/૧૦/૨૦૧૬ ધોરણ-૮ સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦
વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ______

સૂચનાઓ : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (6)

(1) કોઈપણ રાજ્યનું વડુમથક કયા નામે ઓળખાય છે ?

(અ) પાટનગર (બ) ગાંધીનગર (ક) સ્વચ્છ નગર

(2) લેખમાં અનાજ કોની માલિકીનું બતાવવામાં આવ્યું હતું ?

(અ) પ્રજાની (બ) રાજાની (ક) જગડુશાની

(3) કવિએ નોટ અને સિક્કા ક્યાં નાખવા કહ્યું છે ?

(અ) ઉકરડામાં (બ) નદીમાં (ક) તળાવમાં

(4) લેખકને કયું પુસ્તક ખરીદવું હતું ?

(અ) રુદ્રી (બ) ગીતા (ક) લઘુકૌમુદી

(5) બાળકના ક્ષેમકુશળ માટે માતાના મુખેથી કયો શબ્દ વારંવાર સરી પડે છે ?

(અ) સાચવજે (બ) દીકરા (ક) ખમ્મા

(6) જુમો કયા પ્રાણી પર બેસી પરણવા ગયો હતો ?

(અ) હાથી પર (બ) પાડા પર (ક) ઘોડા પર

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડી લખો.** (5)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) એક મુલાકાત | (1) ઝવેરચંદ મેઘાણી |
| (2) એક જ દે ચિનગારી | (2) જીવન પ્રસંગ |
| (3) દીકરાનો મારનાર | (3) અહેવાલ |
| (4) દેશભક્ત જગડુશા | (4) હરિહર ભટ્ટ |
| (5) અઢી આના | (5) રમણલાલ સોની |

Scanned by CamScanner

(ક) **નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરી લખો.** (4)

(1) ચાંદા સળગ્યો, ............................

.............................................

.............................................

........................ મહાનલ, એક જ દે ચિનગારી

**પ્રશ્ન-2** (અ) **નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) કવિ માત્ર એકજ 'ચિનગારી' શા માટે માગે છે ?

(2) વિશળદેવ કઈ આપત્તિથી ચિંતાતુર હતા ?

(3) ગાંધીનગરના માર્ગો શી વિશેષતા ધરાવે છે ?

(4) પ્રવર્તમાન સમયમાં મનુષ્યે શાની પાછળ દોટ મૂકી છે ?

(બ) **નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં સવિસ્તાર જવાબ આપો. (ગમે તે બે)**

(1) કવિ માની મમતા કેવા પ્રસંગે અનુભવે છે ? (8)

(2) લેખકે અધ્યયન માટે શી શી મુશ્કેલીઓ વેઠી ?

(3) રાજાએ પોતાના દીકરાના મારનારને કેમ છોડી મૂક્યો ?

(ક) **નીચે આપેલ વિધાનોનાં કારણો આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) કવિની મહેનત એળે ગઈ છે કારણ કે ......

(2) જુમાએ વેણુ સાથે મરવાનો વિચાર કર્યો કારણ કે ......

(3) વિધાનસભાને ધારાસભા પણ કહેવાય છે કારણ કે ......

(4) કવિ ધૂળિયે મારગ ચાલવાનું કહે છે કારણ કે ......

**પ્રશ્ન-3** (અ) **સૂચના પ્રમાણે કરો.**

(ક) **સંધિ છૂટી પાડો. (ગમે તે બે)** (2)

(1) મહાનલ (2) ઉપેન્દ્ર (3) શિવાલય

(ખ) **અલંકાર ઓળખાવો. (ગમે તે બે)** (2)

(1) દીયા ફૂલ જેવી કોમળ છે.

(2) સાંકડી શેરીમાં સસરો સામા મળ્યા રે ...

(3) દીકરી માની આંખનું રતન છે.

Scanned by CamScanner

(ગ) વાક્યપ્રયોગ ઓળખી બતાવો. (ગમે તે બે) (2)

(1) જુમાથી શોખ ખાતર એક પાડો પળાયો.

(2) સાહિલ મેદાનમાં રમે છે.

(3) તેનાથી બૂમ પડાઇ.

(ઘ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે) (2)

(1) ઉનાળાની ગરમ હવા

(2) હથેળીમાં આપવામાં આવતું અફીણનું પ્રવાહી

(3) વનમાં વૃક્ષોની લાંબી હાર

(ચ) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે એક) (2)

(1) કળ વળવી (2) 'દિ ફરવો

(છ) આપેલ ધ્વનિને જોડી શબ્દ બનાવો. (ગમે તે બે) (1)

(1) મ્ + આ + લ્ + ઇ + ક્ + અ

(2) દ્ + ઉ + ક્ + આ + ળ્ + અ

(જ) સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે) (2)

(1) લલાટ (2) અધ્યયન (3) અલ્પાહાર

(ઝ) સાચી જોડણી લખો. (ગમે તે બે) (2)

(1) અનિયંત્રીત (2) ધોરિડા (3) પરિક્ષા

પ્રશ્ન-4 (અ) તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. (5)

(બ) નીચે આપેલ વિષયો પૈકી કોઇ એક વિષય પર નિબંધ લખો. (ગમે તે એક) (10)

(1) વર્ષાઋતુ (2) માતૃપ્રેમ

(3) મારો યાદગાર પ્રવાસ

પ્રશ્ન-5 (અ) નીચે આપેલ ફકરો વાંચી તેના પરથી પ્રશ્નોના જવાબ આપો. (5)

જીવવાના ત્રણ પ્રકાર છે. બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ. આને જ 'જીવન કલહ' કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે. પણ એમાં જીવન સાફલ્ય નથી. બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. એકબીજાના સહકારથી જીવનનો વિકાસ થાય છે. પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી. સ્વાર્પણ માટે જીવવું એ ત્રીજો પ્રકાર છે. સ્વાર્પણ દ્વારા જે જીવન બાંધે છે તે કંઇક જુદું જ હોય છે. એ મારફતે જ જીવનનો પરમ ઉદ્દેશ સમજાય છે અને સફળ થાય છે.

Scanned by CamScanner

(1) જીવનના કેટલા પ્રકાર છે ?

(2) કયો પ્રકાર દુનિયામાં સર્વત્ર છે.

(3) જીવનનો બીજો પ્રકાર કયો છે ?

(4) કયા પ્રકારનું જીવન શ્રેષ્ઠ છે ?

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**(બ) પાત્રાલેખન કરો. (ગમે તે એક)** (4)

(1) જગડુશા

(2) જુમો ભિસ્તી

(3) દેવળિયા ગામમાં આવેલ ચારણ

**(ક) નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) જગડુશાની સરખામણી કયા દાનવીર સાથે કરી શકાય ?

(2) જુમા સાથેની દોસ્તી વેણુ અંત સમયે કેવી રીતે નિભાવે છે ?

(3) કવિ માતાની પરકમ્મા કેવી રીતે કરે છે ?

(4) માણસમાં યાચનાવૃત્તિ જાગે છે ત્યારે તેને કેવો અનુભવ થાય છે ?

---

Scanned by CamScanner